Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તમામ ભવનોના અધ્યક્ષશ્રીઓ/કો–ઓર્ડિનેટરશ્રીઓ તથા સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાના આચાર્યશ્રીઓ/ટ્રસ્ટીશ્રીઓને જણાવવામાં આવે છે કે કોલેજોમાં CCTV કેમેરા રાખવા ફરજિયાત છે. જે અંગે અત્રેથી અગાઉ સમયાંતરે પરિપત્ર કરવામાં આવેલ છે. CCTV કેમેરાનું વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે લાઈવ મોનિટરીંગ સુપેરે થઈ શકે તે માટે કોલેજમાં જે વર્ગખંડોમાં પરીક્ષા લેવાતી હોય તેમના CCTV કેમેરાને જે DVR સાથે જોડેલા છે તે DVR ને INTERNET CONNECTIVITY (10 MBPS FULLY DEDICATED અથવા તેથી વધુ ક્ષમતાવાળી BANDWIDTH ઈચ્છનીય છે ) આપી પરીક્ષાના સમય દરમિયાન CCTV ચાલુ રહે તે અંગેની કાળજી લેવાની જવાબદારી કોલેજના આચાર્યશ્રીની રહે છે. જેથી તમામ વડાશ્રીઓ/કો–ઓર્ડિનેટરશ્રીઓ/આચાર્યશ્રીઓને નીચે મુજબની કાર્યવાહી સમયમર્યાદામાં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

- CCTV કેમેરા સીસ્ટમ માટે જોઈતા LIVE/STATIC IP, USERNAME, PASSWORD અને PORT આપના પરીક્ષા કેન્દ્રમાં સત્રાંત પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા સાત દિવસ પહેલા પરીક્ષા વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ને મળી રહે તેવી વ્યવસ્થા કરવી. જો ઉપરોકત વિગતો આપવામાં નહી આવે અને તેના કારણે પરીક્ષાના સમય દરમિયાન INTERNET CONNECTIVITY નહી મળે તો કોલેજના જોડાણ અંગે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.
- આગામી પરીક્ષા માટે CCTV કેમેરા ભાડે લાવી કામગીરી ચલાવી લેવાની નથી. હજુ પણ જે પરીક્ષા કેન્દ્રોમાં CCTV કેમેરા સીસ્ટમ ઉપલબ્ધ ન થઈ હોય તેમણે પણ કાયમી ધોરણે પરીક્ષાઓ દરમિયાન CCTV નું યુનિવર્સિટી દ્વારા મોનિટરીંગ થઈ શકે તે માટે જરૂરી BANDWIDTH (10 MBPS FULLY DEDICATED અથવા તેથી વધુ ક્ષમતાવાળી BANDWIDTH ઈચ્છનીય છે) ની લાઈન લઈ, LIVE/STATIC IP, USERNAME, PASSWORD મેળવી યુનિવર્સિટીને મોકલી આપવાના રહેશે.
- આપના દ્વારા જો ઉકત માહિતી અપાયેલ ના હોય તો આપના ભવન/કોલેજ/સંસ્થાના **LIVE/STATIC IP, USERNAME, PASSWORD** અને **PORT** અને જરૂરી માહિતી તારીખ **૨૦/૦૫/૨૦૨૧** સુધી **www.vnsgu.ac.in-> EXAMINATION -> CCTV MONITORING FORM** પર ઉપલબ્ધ ગુગલ ફોર્મમાં માહિતી અચુક મોકલી આપવી અન્યથા સંસ્થાના જોડાણ અંગે નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેવી.
- અત્રેથી પરીક્ષા પૂર્વે ટેસ્ટીંગ માટે અને પરીક્ષા દરમિયાન જ આપના CCTV કેમેરાની મોનિટરીંગ કરવામાં આવશે. તે સિવાયના કોઈપણ સમયે જરૂરીયાત ના હોય આપના CCTV કેમેરાનું મોનિટરીંગ કરવામાં આવશે નહી.
- આપને ત્યાં કોઈપણ તકનીકી કારણોસર જો CCTV કેમેરા ચાલું ના હોય અથવા પાવર સપ્લાય ના હોય અને તેવા સંજોગોમાં DGVCL/ TORRENT કે અન્ય કોઈ સંબંધિત વિજ કંપનીઓ સાથે પત્રવ્યવહાર કરેલ હોય તો તેની નકલ આપના કારણ દર્શાવતા પત્ર સાથે બીડાણ કરી અત્રે સત્વરે જાણ કરશો અને તે સમય દરમિયાનનું તમામ વર્ગખંડોના CCTV કેમેરાનું વિડીયો રેકોર્ડિંગ બે DVD નકલમાં અત્રે દિવસ ત્રણમાં મળી જાય તે રીતે મોકલી આપશો. કોઈપણ પ્રકારની કાનુની પ્રક્રિયા દરમિયાન અત્રેથી જયારે પણ તમામ CCTV કેમેરાનું વિડીયો રેકોર્ડિંગ મંગાવવામાં આવે ત્યારે છેલ્લા એક માસ સુધીનું વિડીયો રેકોર્ડિંગ રજુ કરવાનું રહેશે.

અત્રેથી આપ સર્વેના સહકારની સંપૂર્ણ અપેક્ષા છે.

પરીક્ષા/કોમ્પ્યુટર પુલ/૭૫૩૪/૨૦૨૧
તા : ૦૬/૦૫/૨૦૨૧

ઈ.ચા. કુલસચિવ

<u>નકલ રવાના</u> :–

(૧) યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના વડાશ્રી તથા કો–ઓર્ડિનેટરશ્રી
(૨) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રી
(૩) માનનીય કુલપતિશ્રી/ કુલસચિવશ્રી ના અંગત મદદનીશશ્રી તરફ
(૪) સીસ્ટમ મેનેજર, કોમ્પ્યુટર પુલ, વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે